| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૫/૦૫/૨૦૨૩ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ૧૮૧ અભયમ ટીમ તથા સોલા પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ પીડીત સ્ત્રીને સહાય કરી તેમના પારીવારીક જીવનમા સુમેળ સાધ્યો

તા.૨૬/૦૪/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક પીડીત સ્ત્રીનો ફોન આવે છે અને તેમના પતિ મરણ ગયેલ હોય અને તેઓ તેમના પુત્ર તથા તેમની પુત્રવધુ તેમની સારસંભાળ રાખતા ન હોવાનુ જણાવેલ. જેથી તુરંત જ સોલા પોલીસ સ્ટેશનના પોલીસ માણસોની મદદથી મહિલાનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા મહિલાને કોથળીનુ ઓપરેશન કરાવવાનુ હોય. જેથી મહિલા હોસ્પીટલ ખાતે તેમની દિકરી તથા જમાઇ સાથે હોય તેમની દિકરી તથા જમાઇને સાથે રાખી મહિલાના ઘરે જઇ મહિલાના પુત્રને માતાની સેવા કરવા પ્રત્યેની તેમની ફરજનુ ભાન કરાવેલ અને તેમના પુત્ર તથા પુત્રવધુ તેમની માતાની સેવા કરવાની વાતને માની જતા તેઓ બંન્નેએ ૧૮૧ ની ટીમને તેમની માતાને કોઇ હેરાનગતી નહિ કરે અને તેમની સેવા કરશે તેવુ લેખીતમા આપેલ અને માતા-પુત્ર વચ્ચે સુખદ સમાધાન કરાવી પારીવારીક જીવનમા સુમેળ સાધી ૧૮૧ અભયમની ટીમ તથા સોલા પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ માનવીય અભીગમ બતાવી સારી કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ -:** સોલા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૧/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૯ કેસ કરી, ૧૦૨ વ્યક્તિઓને ઝડપી, ૫૪૮ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બીયરટીન, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૩૩/૨૦૨૩**

**રાણીપઃ** સુધાબહેન જયકરભાઈ પંડ્યા (ઉ.વ.૬૫)(રહે.સદગુરૂ દયાલ સોસાયટી જોગર્સપાર્ક પાસે રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૩ ના કલાક ૩/૪૫ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ સુધાબહેનના મકાનના દરવાજાનુ તાળુ તોડી, મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ગોહીલ ચલાવે છે.

**શાહીબાગઃ** કિરણકુમાર કાંતીલાલજી સંઘવી (ઉ.વ.૪૩)(રહે.જયમંગલ રેસીડેન્સી, ત્રીજો માળ, સરકારી બહુમાળી ભવનની બાજુમાં, ગિરધરનગર સર્કલ પાસે, શાહીબાગ) એ તા.૦૪/૦૫/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૨૪/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૩૦,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૯,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.ડી.ચંપાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૩૪/૨૦૨૩**

**મણીનગરઃ** શૈલજા મધુકર અંધારે (ઉ.વ.૭૨)(રહે.કૈલાશ એપાર્ટમેન્ટ, વસંતનગર સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૦૪/૦૫/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી તા.૩૦/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન શૈલજાબહેનના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા આરોપી સોનલબહેન જાદવ અને તેમનો પતિ રાજુભાઇ જાદવ (બંને રહે.રતનપુર રાજસ્થાન) એ ભેગામળી શૈલજાબહેનના ઘરમાંથી (૧)સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- (૨)સોનાની બુટી નંગ-૨ કિંમત રૂપિયા ૧૯,૦૦૦/- અને (૩) રોકડા રૂપિયા ૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૨,૫૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

**મતા મુકેલ બેગ લઇ નાસી ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૫/૨૦૨૩**

**કાગડાપીઠઃ** શૈલેન્દ્રસિંહ નરપતસિંહ રાજપુત (ઉ.વ.૨૧)(નોકરીઃ વિ.કે.ઓરનામેન્ટ)(રહે. ઈશ્વરચરણ કોમ્પલેક્ષ, સેટેલાઈટ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૩ સાંજના ૫/૫૦ વાગ્યાના સુમારે કાંકરીયા અણુવ્રત સર્કલ, વાણીજય ભવન નજીક પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી ક્રાઇમબ્રાંચ પોલીસ તરીકે પોતાની ઓળખ આપી, શૈલેન્દ્રસિંહ પાસેની બેગ કે જેમાં બે પાર્સલમા સોનાના અલગ-અલગ દાગીના કુલ કિંમત રૂપિયા ૯,૫૪,૮૦૦/- મતાના મુકેલ હતા તે બેગ લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.બામ્ભા ચલાવે છે.

**શહેરકોટડાઃ** મીનાબહેન વા/ઓ પિન્ટુભાઇ ખટીક (ઉ.વ.૨૮)(રહે.દરબાર વાસ, ઇન્દ્રોડા ગામ, ગાંધીનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૦૫/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે મીનાબહેન ઓટોરીક્ષામાં બેસી નરોડા પાટીયા થી આશાપુરા ડેરીની સામે, બી.આર.ટી.એસ. બસના રૂટ નજીક આવેલ ત્યારે રીક્ષા ભાડુ આપતી વખતે અજાણ્યા રિક્ષા ચાલક એ મીનાબહેનની નજર ચુકવી ઓટોરિક્ષામાં પાછળના ભાગે મુકેલ મીનાબહેનની કપડાની બેગ કે જેમા રોકડ રૂપિયા ૨,૭૮,૦૦૦/- મુકેલ હતા તે બેગ સાથે ઓટોરીક્ષા લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી